

ગરવી ગુજરાત

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 188
Dt.: 21-03-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa


### પ્રીમિયમ પેટ્રોલની કિંમતોમાં વધારો થયો

# પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં ૨થી ૨.૩૦ રૂપિયા પ્રતિ લીટર સુધીનો વધારો કરાયો

## HPCL, IOCL સહિત ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પ્રીમિયમ એટલે કે પાવર પેટ્રોલના ભાવમાં વધારો કર્યોઃ રેગ્યુલર પેટ્રોલના ભાવમાં ફેરફાર નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં ચાલી રહેવા તણાવની અસર ભારતમાં સ્પષ્ટ જોવા મળી રહી છે. ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે પેટ્રોલના ભાવને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં ૨થી ૨.૩૦ રૂપિયા પ્રતિ લીટર સુધીનો વધારો કર્યો છે. આ નવા ભાવ આજથી એટલે કે ૨૦ માર્ચ, ૨૦૨૬થી લાગુ થઈ ગયા છે.

સરકારી ઓઈલ કંપનીઓ દ્વારા પાવર પેટ્રોલના ભાવમાં વધારો કરાયો છે. HPCL, IOCL સહિત તમામ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પ્રીમિયમ એટલે કે પાવર પેટ્રોલના ભાવમાં વધારો કર્યો છે. HPCL અને IOCLએ પાવર પેટ્રોલના ભાવમાં ૨ રૂપિયા પ્રતિ લીટરનો વધારો કર્યો છે. જોકે, રાહતની વાત એ છે સામાન્ય વાહનોમાં ઉપયોગ થતાં રેગ્યુલર પેટ્રોલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે.મિડલ ઈસ્ટ તણાવની અસર - પશ્ચિમ એશિયામાં ચાલુ ભારે તણાવ અને અમેરિકા-ઈઝરાયેલના ઈરાન પર હુમલાઓની વચ્ચે વૈશ્વિક તેલ બજારમાં થયેલી અસ્થિરતાની અસર હવે ભારતના ઘરેલુ બજારમાં દેખાવા લાગી છે. દેશની મોટી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પ્રીમિયમ પેટ્રોલની કિંમતો વધારી દીધી છે.

૨૦ માર્ચ ૨૦૨૬થી સ્પીડ/પાવર પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં પ્રતિ લીટર રૂ.૨.૦૯નો વધારો કરવામાં આવ્યો છે. અગાઉ તેનો ભાવ રૂ.૧૧૧.૬૮ પ્રતિ લીટર હતો, જે હવે રૂ.૧૧૩.૭૭ પ્રતિ લીટર કરવામાં આવ્યો છે. જોકે, રાહતની વાત એ છે કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સામાન્ય પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. કઈ-કઈ



કંપનીએ કર્યો ભાવ વધારો? - કંપનીઓએ પ્રીમિયમ પેટ્રોલના શોખીનોને મોટો ઝટકો આપ્યો છે. BPCLના Speed, HPCLના Power અને IOCLના XP95ના ભાવમાં રૂ.૨.૦૦થી રૂ.૨.૩૦ પ્રતિ લીટર સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જોકે, રાહતની વાત એ છે કે સામાન્ય લોકો દ્વારા વપરાતા નોર્મલ પેટ્રોલના દરમાં હાલ કોઈ ફેરફાર થયો નથી.

પ્રીમિયમ પેટ્રોલ એટલે ઉચ્ચ ગુણવત્તાવાળું ઈંધણ, જેનો ઓક્ટેન નંબર સામાન્ય પેટ્રોલ (૯૧)ની સરખામણીમાં ૯૫ કે તેથી વધુ હોય છે. તેમાં ખાસ પ્રકારના એડિટિવ્સ અને ડિટર્જન્ટ ભેળવવામાં આવે છે, જે એન્જિનના અંદરના ભાગોને સ્વચ્છ રાખે છે. આ ખાસ કરીને હાઈ-પર્ફોર્મન્સ કારો અને સ્પોર્ટ્સ બાઈક માટે બનાવવામાં આવ્યું છે, જેથી તેને વધુ સારું પિકઅપ અને માઈલેજ મળે. આ જ ખાસિયતોને કારણે તે હંમેશા સામાન્ય પેટ્રોલ કરતાં મોંઘું રહે છે.

સામાન્ય પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. રાજધાનીમાં ૧ લિટર પેટ્રોલનો ભાવ ૯૯.૭૭ રૂપિયા છે અને ડીઝલનો ભાવ ૮૭.૬૭ રૂપિયા પ્રતિ લિટર છે. મુંબઈમાં ૧ લિટર પેટ્રોલનો ભાવ ૧૦૩.૫૦ રૂપિયા છે અને ડીઝલનો ભાવ ૯૦.૦૩ રૂપિયા છે. આવી જ રીતે ચેન્નાઈમાં ૧ લિટર પેટ્રોલના ભાવ ૧૦૦ રૂપિયા અને ડીઝલના ભાવ ૯૨.૩૯ રૂપિયા પ્રતિ લિટર છે.પ્રીમિયમ પેટ્રોલ એક એવું પેટ્રોલ હોય છે જેમાં ઑક્ટેન વધારે સંખ્યામાં હોય છે. સામાન્ય રીતે આ નંબર ૯૫ કે તેની ઉપરનો હોય છે. તો નોર્મલ પેટ્રોલમાં ઑક્ટેન નંબર ૯૧ હોય છે. પ્રીમિયમ પેટ્રોલ ગાડીના એન્જિનને વધારે સ્મૂધ અને સારું પરફોર્મન્સ આપે છે. મોટા શહેરોમાં આ પેટ્રોલ લગભગ તમામ પેટ્રોલ પંપ પર મળે છે. જેને ખાસ કરીને સ્પોર્ટ્સ બાઈક, કાર, ટર્બો એન્જિન વાળી ગાડીઓ અને હાઈ પરફોર્મન્સ કારમાં નાખવામાં આવે છે.

## ડોલર સામે રૂપિયો પહેલીવાર ગગડીને ૯૩.૨૪ પર પહોંચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય રૂપિયામાં આટલો મોટો ઘટાડો ક્યારેય જોવા મળ્યો નથી. જી હાં, પહેલીવાર ભારતીય રૂપિયા ડોલરની સામે ૯૩ને પાર નીકળી ગયા છે. તે એક અમેરિકન ડોલરની સામે હવે ૯૩.૨૪ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયા છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ, ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઉછાળો અને વિદેશી રોકાણકારોના વેચાણથી ભારતીય કરન્સી નબળી પડી છે. આ સાથે જ મજબૂત ડોલર અને વિશ્વભરના માર્કેટમાં અનિશ્ચિતતાએ સ્થિતિને વધુ ખરાબ કરી છે. એક્સપર્ટ્સનું માનવું છે કે જો પરિસ્થિતિ સુધરશે નહીં, તો આગળ પણ રૂપિયા પર દબાણ વધી શકે છે.

ભારતીય રૂપિયા ૨૦ માર્ચના ડોલરની સામે ૯૩.૨૪ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયા છે. આ ઘટાડો અચાનક નથી થયો, પરંતુ તેની પાછળ અનેક મોટા પરિબળો (ફેક્ટર્સ) કામ કરી રહ્યા છે. ચાલો જાણીએ તે ૫ મોટા કારણો, જેના કારણે રૂપિયો તૂટ્યો છે.

રૂપિયા પર સૌથી મોટું દબાણ ક્રૂડ ઓઈલની વધતી કિંમતોથી આવ્યું છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે ઓઈલની સપ્લાય પર ખતરો ઉભો થયો અને બ્રેન્ટ ક્રૂડ લગભગ ૧૨૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયું. ભારત પોતાની જરૂરિયાતનું મોટા ભાગનું ક્રૂડ ઓઈલ આયાત કરે છે, તેથી ક્રૂડ ઓઈલ મોંઘું થતાં જ ડોલરની માંગ વધે છે અને રૂપિયો નબળો પડે છે. અમેરિકા-ઈરાન વચ્ચેનો તણાવ અને ખાડી વિસ્તારમાં હુમલાઓએ ગ્લોબલ માર્કેટમાં અનિશ્ચિતતા વધારી દીધી છે. આવા માહોલમાં રોકાણકારો સુરક્ષિત વિકલ્પ એટલે કે ડોલર તરફ ભાગે છે. તેની સીધી અસર ઉભરતા બજારોની કરન્સી પર પડે છે અને રૂપિયો દબાણમાં આવી જાય છે. માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી ૮ અબજ ડોલરથી વધુ પૈસા કાઢી લીધા છે. આ જાન્યુઆરી ૨૦૨૫ પછીનું સૌથી મોટું આઉટફ્લો છે. જ્યારે વિદેશી રોકાણકારો (FII) પૈસા કાઢે છે, ત્યારે ડોલરની માંગ વધે છે, જેનાથી રૂપિયા પર વધુ દબાણ આવે છે.

અમેરિકન ફેડરલ રિઝર્વે વ્યાજ દરોને ૩.૫–૩.૭૫%ના ઊંચા સ્તર પર જાળવી રાખ્યા છે. તેનાથી ડોલર મજબૂત થયો છે. જ્યારે ડોલર મજબૂત થાય છે, ત્યારે અન્ય દેશોની કરન્સી નબળી પડે છે.

## હોર્મુઝ ખોલાવવા ટ્રમ્પે ફાઈટર જેટ અને અપાચેની ફૌજ ઉતારી

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈરાન વિરુદ્ધ અમેરિકાનું યુદ્ધ છેલ્લા ૨૦ દિવસથી સતત જારી છે. આ યુદ્ધમાં અમેરિકા અત્યાર સુધી અબજો ડોલર ખર્ચી ચૂક્યું છે અને તેના અનેક સૈનિકોએ પણ જીવ ગુમાવ્યા છે. બીજી તરફ, ઈરાને વ્યૂહાત્મક રીતે મહત્વની એવી હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોની અવરજવર લગભગ બંધ કરી દીધી છે, જેના કારણે વિશ્વભરમાં ઈંધણ પુરવઠાને લઈને ચિંતાની લહેર પ્રસરી ગઈ છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હવે યુરોપ, ચીન અને જાપાન જેવા દેશો પાસે આ દરિયાઈ માર્ગ ખુલ્લો કરાવવા માટે મદદ માંગી રહ્યા છે. વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ અનુસાર ઈરાની ડ્રોનને રોકવા માટે અમેરિકાએ આ વિસ્તારમાં અનેક અપાચે હેલિકોપ્ટર તૈનાત કર્યા છે. અમેરિકી ફાઈટર જેટ્સ ઈરાની નૌકાદળના ઠેકાણાઓ પર ખૂબ જ ઓછી ઊંચાઈએથી હુમલા કરી રહ્યા છે. અગાઉ અમેરિકાએ ઈરાનના મિસાઈલ ઠેકાણાઓ પર ૫,૦૦૦ પાઉન્ડના ઊંડી અસર કરતા બોમ્બ વરસાવ્યા હોવાનો દાવો કર્યો હતો, જેથી એન્ટી-શિપ ક્રુઝ મિસાઈલનો ખતરો ટાળી શકાય. ઈરાને સ્પષ્ટ કરી દીધું છે કે તે આ માર્ગ પરથી જહાજોને પસાર થવા દેશે નહીં. ઈરાનના નવા સુપ્રીમ લીડર મોજતબા ખામનેઈએ સંકેત આપ્યો છે કે હોર્મુઝ પરના નિયંત્રણમાં કોઈ ઢીલ આપવામાં આવશે નહીં. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે, અમેરિકા, ઈઝરાયલ અને તેમના સહયોગીઓ સિવાયના આંતરરાષ્ટ્રીય જહાજો માટે આ માર્ગ ખુલ્લો છે. જોકે, ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ છે. જેપી મોર્ગનના અહેવાલ મુજબ, જો હોર્મુઝ સંપૂર્ણપણે બંધ થઈ જાય, તો સાઉદી અરેબિયા, ઈરાક, કતર અને યુએઈ જેવા તેલ ઉત્પાદક દેશો મહત્તમ ૨૫ દિવસ સુધી જ ઉત્પાદન ચાલુ રાખી શકશે. વિશ્વના કુલ તેલ પુરવઠાનો લગભગ ૨૦ ટકા હિસ્સો આ જ માર્ગ પરથી પસાર થાય છે. સપ્લાય ચેઈન ખોરવાવાને કારણે કાચા તેલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે, જેનાથી વિશ્વભરમાં ઈંધણના ભાવ અને મોંઘવારી વધી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ દલીલ કરી રહ્યા છે કે, યુરોપ અને એશિયાની સરખામણીએ અમેરિકા અખાતી દેશોમાંથી ઓછું તેલ આયાત કરે છે, તેથી અન્ય દેશોએ પણ હોર્મુઝ ખોલાવવા આગળ આવવું જોઈએ. જોકે, નિષ્ણાતોનું કહેવું છે કે જો વૈશ્વિક તેલના ભાવ વધશે, તો તેની સીધી અસર અમેરિકી અર્થતંત્ર પર પણ પડશે.







## તંત્રી લેખ......

### ભારતમાં એલપીજી પર દબાણ, હવે ઉર્જા આત્મનિર્ભરતા તરફ વળવાનો સમય છે

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષે ભારતમાં એલપીજી પુરવઠા સંકટને વધુ તીવ્ર બનાવ્યું છે. ઉત્પાદનમાં વધારો અને કડક પગલાં લેવા છતાં, ગેસની અછત અને કાળાબજાર યથાવત છે, જેના કારણે નાના વ્યવસાયો અને રોજગાર પર અસર પડી રહી છે. સરકાર પીએનજીને લાંબા ગાળાના ઉકેલ તરીકે પ્રોત્સાહન આપી રહી છે, કારણ કે આયાત પર વધુ પડતી નિર્ભરતા ઉર્જા સુરક્ષા માટે નોંધપાત્ર જોખમ ઊભું કરે છે.

પશ્ચિમ એશિયામાં સંઘર્ષ જેટલો લાંબો સમય ચાલશે, ભારતમાં એલપીજી કટોકટી એટલી જ તીવ્ર બનશે. સરકાર સ્વીકારે છે કે પરિસ્થિતિ ચિંતાજનક છે. કેન્દ્ર સરકારના નિર્દેશોને અનુસરીને, રિફાઇનરીઓએ સંપૂર્ણ ક્ષમતાએ કાર્યરત છે અને સ્થાનિક ઉત્પાદનમાં ૪૦% વધારો થયો છે. આમ છતાં, સ્થાનિક ગેસની અછત ચાલુ રહે છે.

કાળાબજાર ચાલુ છે. સરકારે સંગ્રહખોરી અટકાવવા અને એલપીજીનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે આવશ્યક સેવાઓ જાળવણી અધિનિયમ લાગુ કર્યો છે, પરંતુ દેશભરમાં દરોડા અને કાર્યવાહી દર્શાવે છે કે કાળાબજાર ચાલુ છે. વાણિજ્યિક એલપીજીની અછતને કારણે, ઘણા રેસ્ટોરાં, ઢાબા અને નાની ખાદ્ય દુકાનો બંધ છે. આ બંધ થવાથી ત્યાં કામ કરતા લાખો લોકોના રોજગાર માટે મોટો ખતરો છે.

પીએનજી પ્રમોશન. સરકાર ઘરગથ્થુ ચૂલા ચાલુ રહે તેની ખાતરી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તે પાઇપ નેચરલ ગેસ અપનાવવાને પણ પ્રોત્સાહન આપી રહી છે. ગલ્ફ કટોકટીએ ભારતને તેની ઉર્જા જરૂરિયાતો અને અન્ય પરની તેની નિર્ભરતા પર પુનર્વિચાર કરવાની તક આપી છે.એલપીજી થી પીએનજી તરફ સ્થળાંતર કરવું એ માત્ર વર્તમાન જરૂરિયાત જ નથી પરંતુ દેશના લાંબા ગાળાના હિતમાં પણ છે.

આયાત નિર્ભરતા. ભારતમાં આશરે ૩૩૦ મિલિયન એલપીજી કનેક્શન છે. આ ગેસમાંથી લગભગ ૬૦% આયાત કરવાની જરૂર છે. સમસ્યા એ છે કે આમાંથી ૯૦% હોર્મુઝ સ્ટ્રેટમાંથી આવે છે, જે હાલમાં બંધ છે. બીજી બાજુ, દેશ તેની કુદરતી ગેસની જરૂરિયાતોના લગભગ ૫૦% ઉત્પાદન કરે છે. આયાત પણ વૈવિધ્યસભર છે, એટલે કે એક માર્ગ બંધ થવાથી આયાત સંપૂર્ણપણે બંધ નહીં થાય. અનિશ્ચિત ભવિષ્ય. પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિને જોતાં, આ પ્રદેશની ભાવિ સ્થિરતાની આગાહી કરવી મુશ્કેલ છે. ભારત તેની સ્થાનિક જરૂરિયાતોને અસ્થિર પ્રદેશના અનિશ્ચિત ભવિષ્ય પર છોડી શકે નહીં. તેલના કારણે આયાત બિલ પહેલાથી જ વધી રહ્યા છે, તેથી પીએનજી થોડી રાહત આપી શકે છે.

જોડાણોને વેગ આપવો.

પેટ્રોલિયમ મંત્રાલયે જણાવ્યું છે કે જો રાજ્યો એલપીજી અપનાવવાનું સમર્થન કરે છે, તો સરકાર તેમને ૧૦% વધારાના વાણિજ્યિક એલપીજી પ્રદાન કરશે. આ એક સારી પહેલ છે. ગ્રાહકોને પણ પ્રોત્સાહન આપવું જોઈએ. નાના શહેરોમાં પણ પીએનજી માળખાને મજબૂત બનાવવાની જરૂર છે અને કનેક્શન ડિલિવરીને ઝડપી બનાવવાની જરૂર છે. દેશ ઊર્જામાં જેટલો વધુ આત્મનિર્ભર બનશે, તેટલો જ તે આવા બાહ્ય સંકટનો સામનો કરી શકશે.

ચુંટણી આવે ત્યારે કોંગ્રેસ દેખાય : ચુંટણી જાય એટલે કોંગ્રેસ જતી રહે છે : વિશ્વકર્મા

# કોંગ્રેસ પાસે માત્ર કન્ફ્યુઝન: ભાજપ પાસે દરેક સમસ્યાનુ નિરાકરણ: જગદીશ વિશ્વકર્મા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં છોટા ઉદેપુર ખાતે જિલ્લા ભાજપ કાર્યાલય કમલમ ખાતે બુથ કાર્યકર્તા સંમેલન યોજાયુ હતું. છોટા ઉદેપુરમાં આયોજીત બુથ કાર્યકર્તા સંમેલનનુ મંડપ ગઈ કાલે ગુરૂવારે ભારે પવનના કારણે ક્ષતિગ્રસ્ત થયો હતો. છતાં કાર્યકર્તાઓના આગ્રહથી કાર્યક્રમ યથાવત રાખવામાં આવ્યો હતો. ત્યારે પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ મંચ છોડી, કાર્યકર્તાઓની હરોળમાં તડકે ઉભા રહી સંવાદ કર્યો હતો. જગદીશ વિશ્વકર્માએ બાબા પીઠોરદેવ અને મહાકાળી માતાજીના જય નાદ સાથે આદિવાસી સંસ્કૃતિને વંદન કરી તેમના સંબોધનની શરૂઆત કરી હતી. પ્રતિકુળ હવામાન છતાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા કાર્યકર્તાઓની કર્મ નિષ્ઠાને બિરદાવતા જણાવ્યુ હતુ કે ભાજપનો કાર્યકર્તા કયારેય થાકતો કે હારતો નથી. તે માત્ર ચુંટણી માટે નહી પણ જનસેવા માટે સમર્પિત છે, મે બુથ પ્રમુખ તરીકે દિવાલો પર કમળ દોર્યા છે, આજે પાયાના કાર્યકર્તાઓના સહારે જ હું મંચ સુધી પહોચ્યો છું, મારા માટે બુથનો કાર્યકર્તા મંચ પર બેસનાર સૌથી મોટો કાર્યકર્તા છે. જંગલ અને ડુંગરાળ વિસ્તારોમાં પણ સરકારની યોજનાઓ ઘર ઘર પહોચાડવાનુ કામ કાર્યકર્તાઓ કરે છે. ભાજપાનો કાર્યકર્તા માત્ર ચુંટણી માટે નહી પરંતુ સેવા માટે કાર્ય કરે છે.

આદિવાસી અસ્મિતા અને વિકાસની વાત કરતા વિશ્વકર્માએ જણાવ્યુ હતુ કે પીઠોરા ચિત્રકલા અને આદિવાસી વારસાને ગ્લોબલ પ્લેટફોર્મ પુરૂ પાડવાનુ કાર્ય ભાજપ સરકારે કર્યુ છે. બજેટના પ્રથમ પેજ પર આદિવાસી સંસ્કૃતિને સ્થાન આપી સરકારે ખરા અર્થ માં આદિવાસી સમાજનુ સન્માન જાળવ્યુ છે. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર અને રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓ જેવી કે નર્મદાનુ પાણી, આયુષ્યમાન કાર્ડ (૧૦ લાખ સુધીની સહાય) પીએમ કિસાન સન્માન નિધિ, ઉજ્જવલા યોજના અને મફત અનાજ વિતરણનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે છેવાડાના માનવી સુધી વિકાસ પહોચાડવો એ જ ભાજપની પ્રાથમિકતા છે.

૫૫૦૦ કરોડ ના ખર્ચે બે વખત પાણી લીફ્ટ કરીને આપણા ૩ જિલ્લાઓ સુધી નર્મદાનુ પાણી પહોચાડવાનુ ઐતિહાસિક કામ કરવામાં આવ્યુ છે. ગરીબ પરીવારની દિકરી અભ્યાસ થી વંચિત ન રહે તે માટે દિકરીનો હાથ પકડી શાળાના દ્વાર સુધી લઈ જનાર કોઈ મુખ્યમંત્રી રહ્યા હોય તો તે આજે દેશના વડાપ્રધાન બનેલા શ્રી મોદી જ જ છે.

વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે આદિવાસી સમાજે આઝાદીની લડાઈ થી લઈને બ્રિટીશ શાસન સામે કઠીન સંઘર્ષ કર્યો છે. જંગલ, જમીન અને જળ ની રક્ષા કરનાર આદિવાસી સમાજને છેતરવા માટે જે કાળો પંજો આવે છે તે હવે સફળ થવાનો નથી. કોંગ્રેસે વરસો સુધી ફકત વાયદા કર્યા, ભ્રષ્ટાચાર કર્યો અને આદિવાસી સમાજને છેતર્યા, જયારે ભારતીય જનતા પાર્ટીએ સાચા અર્થમાં તેમને સન્માન અને હક્ક આપવાનો પ્રયાસ કર્યો છે. ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસના કાળા પંજાના મુખમાંથી આદિવાસીઓને છોડાવવાનુ કાર્ય કર્યુ છે. આવનારી ચુંટણીમાં કોંગ્રેસનો કાળો પંજો આદિવાસીઓને છેતરવામાં સફળ નહી થાય.

વિરોધ પક્ષ પર આકરા પ્રહારો કરતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે વિરોધ પક્ષે માત્ર ને માત્ર વિકાસનો પ્રવાહ રોકવાનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસે માત્ર વિરોધ કર્યો છે. કોંગ્રેસ ૬૦ વરસોમાં દેખાવો કરવામાં, ખોટા વિરોધ કરવામાં, જુઠુ બોલવામાં, વચનો આપવામાં, ભ્રષ્ટાચાર કરવામાં , વિકાસથી વંચિત રાખવામાં નંબર-૧ છે. ચુંટણી આવે ત્યારે કોંગ્રેસ દેખાય, ચુંટણી જાય એટલે કોંગ્રેસ જતી રહે છે. કોંગ્રેસ પાસે માત્ર કન્ફ્યુઝન અને ભાજપ પાસે દરેક સમસ્યાનુ નિરાકરણ છે. લોકો ભાજપાની કમળ વાળી સરકાર



પર વિશ્વાસ રાખે છે અને દરેક ચુંટણીમાં આ વિશ્વાસ વધુ મજબુત બની રહ્યો છે. અંતમાં તેમણે કાર્યકર્તાઓનો આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં કમળ ને ભવ્ય વિજય અપાવવા આહવાન કર્યુ હતું. તેમણે વિશ્વાસ કર્યો હતો કે આદિવાસી સમાજનુ તીર કામઠુ કયારેય નિશાન ચુકતુ નથી, તે વિકાસની રાજનીતી પર ભરોસો રાખી ફરી એકવાર ભાજપને વિજયી બનાવશે. વિજય બાદ આ જીતનુ કમળ મહાકાળી માતાજીના ચરણોમાં અર્પણ કરવાનો સંકલ્પ દોહરાવી તેમણે કાર્યકર્તાઓમાં નવો ઉત્સાહ પુરો પાડયો હતો.

## રબારી યુવકની વૃધ્ધ માતાના આક્રંદ: પાંચ વરસથી દિકરાને જોયો નથી: તે કયાં છે તેની પણ ખબર નથી રબારી યુવકની વૃધ્ધ માતાની કરૂણ આપવીતી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના ઉણ ગામે કંકુ ચૌધરી અને મહાદેવ રબારીના પ્રેમ લગ્ન બાદ ફાટી નિકળેલી હિંસાએ સમગ્ર રાજયનુ ધ્યાન ખેંચ્યુ છે.

ભાભરના રૂની ગામની ચૌધરી સમાજની દિકરીએ રબારી સમાજના યુવક સાથે આંતરજ્ઞાતિય લગ્ન કર્યા બાદ બંને સમાજ આમને સામને આવી ગયા છે. આ વિવાદ વચ્ચે જયારે મીડીયાની ટીમ ઉણ ગામે પહોચી ત્યારે યુવકની માતા અમરબેન રબારી ની વ્યથા બહાર આવી હતી.



મહાદેવ રબારી ની માતા અમરબેને અત્યંત લાચારી સાથે જણાવ્યુ હતુ કે તેમનો દિકરો છેલ્લા ચાર-પાંચ વરસથી તેમની સાથે રહેતો નથી, તેમણે કહ્યું સાહેબ મારો દિકરો કયાં છે અને શું કરે છે તેની મને કોઈ જ ખબર નથી. હું તો મારા પિયર ઘોળડા હતી અને હમણાં જ અહીં આવી છું. પાંચ વરસથી મે મારા દિકરાનુ મોંઢુ પણ જોયુ નથી. વધુમાં અમરબેને જણાવ્યુ કે મહાદેવ કયાં અને કોની સાથે લગ્ન કર્યા છે તેની તેમને જરાય જાણ નથી, દિકરાએ લગ્ન બાદ કયારેય તેમનો સંપર્ક કર્યો નથી કે ફોન પણ કર્યો નથી, હાલમાં અમરબેન ગામમાં એકલા રહે છે, અને ગામ લોકો જ તેમને જમવાનુ આપે છે. દિકરાના કૃત્યને કારણે આજે આ વૃધ્ધા એકલવાયુ અને લાચારીભર્યુ જીવન જીવવા મજબુર બની છે. ઉણ ગામે જે હિંસક ઘટના બની તેના વિશે વાત કરતા અમરબોને કહ્યુ કે પથ્થરમારો થયો ત્યારે તેઓ ઘરમાં જ હતા અને તે સમયે પુજા કરી રહ્યા હતા. તેઓ શારીરિક રીતે અશકત હોવાથી ચાલી પણ શકતા નથી, તેમ છતાં ટોળાએ ગામમાં આતંક મચાવ્યો હતો. ચૌધરી સમાજે અગાઉ ભાભરના રૂણી ગામે એક મોટુ સંમેલન યોજયુ હતું. આ સંમેલન બાદ ઉશ્કેરાયેલા યુવાનોનુ મોટુ ટોળુ ઉણ ગામમાં ધસી આવ્યુ હતું અને દુકાનો તેમજ વાહનોમાં તોડફોડ કરી હતી. પરીસ્થિતિ એટલી વણસી હતી કે જિલ્લા પોલીસવડા સહિતનો મોટો કાફલો ઘટનાસ્થળે ઉતારવો પડયો હતો. પોલીસ દ્વારા વારંવાર અપીલ કરવા છતાં ટોળુ હાઈવે પર થી હટયુ ન હતું. અને ઉલ્ટુ પોલીસ પર પથ્થરમારો શરૂ કર્યો હતો. પરીસ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસે ૭ થી વધુ ટીયરગેસના શેલ છોડયા હતા. ચૌધરી સમાજની માંગ છે કે તેમની દિકરીને ગમે તે ભોગે પરત લાવવામાં આવે, જયારે કંકુ ચૌધરીએ અગાઉ સોશીયલ મીડીયા પર આજીજી કરી હતી કે તેને તેના પતિ સાથે રહેવા દેવામાં આવે.

પોલીસે કહ્યું- ભારત વિરુદ્ધ કોઈ પુરાવા નથી

## કેનેડાના પૂર્વ પીએમ જસ્ટિન ટ્રૂડોના પાયાવિહોણા આરોપોની હવા નીકળી!

(સંપૂર્ણ સમાચાર સેવા)કેનેડા

કેનેડામાં ભારત સરકારના એજન્ટો દ્વારા થતી કહેવાતી ગુપ્ત પ્રવૃત્તિઓ અને આંતરરાષ્ટ્રીય દમનને લઈને રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP) એ મોટું સ્પષ્ટીકરણ આપ્યું છે. RCMP કમિશનર માઈક ડૂહમેએ સ્પષ્ટ કર્યું છે કે, હાલની માહિતી મુજબ, કેનેડામાં એવી કોઈ ગુપ્ત ગતિવિધિઓ ચાલી રહી નથી. જેના તાર ભારત સરકાર સાથે જોડાયેલા હોય. એક ટીવી ઈન્ટરવ્યૂમાં ડૂહમેએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય દમન સાથે જોડાયેલી જે પણ ફાઈલો અને તપાસ અત્યારે પોલીસ પાસે છે, તેમાં કોઈ વિદેશી સંસ્થા કે દેશની સંડોવણી જોવા મળી નથી. કેનેડામાં એવા લોકો ચોક્કસ છે જે બીજાને ડરાવી-ધમકાવી રહ્યા છે, પરંતુ આ પ્રવૃત્તિઓ કોઈ વિદેશી એજન્સી દ્વારા પ્રાયોજિત હોય તેવું જણાતું નથી. જ્યારે તેમને ૨૦૨૪માં આપેલા તેમના જ જૂના નિવેદન વિશે પૂછવામાં આવ્યું હતું. આ મુદ્દે તેમણે કહ્યું કે, તે સમયે જે ફોજદારી તપાસ ચાલી રહી હતી તેના આધારે એજન્ટોની સંડોવણીની વાત કરી હતી. પરંતુ તેમણે સ્વીકાર્યું કે, કોઈ વિશિષ્ટ વિદેશી સંસ્થા સાથે સીધો સંબંધ સ્થાપિત કરવો અત્યંત મુશ્કેલ હોય છે. કેનેડામાં હવે સત્તા પરિવર્તન બાદ વડાપ્રધાન માર્ક કાર્ની ભારત સાથેના સંબંધો સુધારવા માટે સક્રિય દેખાઈ રહ્યા છે. જૂન ૨૦૨૫ પછી પીએમ માર્ક કાર્ની અને ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે ત્રણ વખત મુલાકાત થઈ ચૂકી છે. બંને દેશોએ સંબંધો સુધારવાની દિશામાં આગળ વધતા પરસ્પર નવા હાઈકમિશનરની નિમણૂક પણ કરી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૩માં તત્કાલીન પીએમ જસ્ટિન ટ્રૂડોએ હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. જેને ભારતે સખત રીતે નકારી કાઢ્યો હતો. ત્યારબાદ ૨૦૨૪માં કેનેડાએ ૬ ભારતીય રાજદ્વારીઓને હાંકી કાઢ્યા હતા અને ભારતે પણ વળતી કાર્યવાહીમાં ૬ કેનેડિયન રાજદ્વારીઓને દેશ છોડવા આદેશ આપ્યો હતો. કેનેડાની ગુપ્તચર એજન્સી (CSIS) હજુ પણ ભારત પર નજર રાખી રહી હોવાના અહેવાલો વચ્ચે RCMP ચીફનું આ નિવેદન ભારત માટે મોટી રાજદ્વારી જીત સમાન માનવામાં આવે છે.

## રમઝાન માસના પૂરા રોઝા રાખ્યા

(સુરત) મુસ્લિમ બિરાદરો માટે રમઝાન માસનું ખૂબ મહત્વ છે.નાનાથી લઈને મોટા સૌ રમઝાન માસના આખા મહિનાના રોઝા રાખીને અલ્લાહની બંદગી કરે છે.સુરતના બડેખાચકલા ચાર રસ્તા પાસે રહેતા યાસ્મીન અને શોએબ મેમણ ની સાત વર્ષ અને ત્રણ માસની પુત્રી આયેશા પૂરા રમઝાન માસના રોઝા રાખીને અલ્લાહની બંદગી કરી છે.



રેશનકાર્ડ ધારકો માટે રાહતના સમાચાર

## એપ્રિલમાં એકસાથે ત્રણ મહિનાનું અનાજ મળશે : કેન્દ્રની જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે દેશના કરોડો રેશનકાર્ડ ધારકો માટે રાહતના સમાચાર આપ્યા છે. આગામી એપ્રિલ મહિનામાં લાભાર્થીઓને એકસાથે ત્રણ મહિનાનું અનાજ વિતરણ કરવામાં આવશે.

બીજી તરફ, સિસ્ટમમાં પારદર્શિતા લાવવા માટે સરકારે દેશભરમાંથી લાખો નકલી રેશનકાર્ડ પણ રદ કર્યા છે. ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ અંગે સત્તાવાર જાણકારી આપી છે. એપ્રિલ ૨૦૨૬ માં લાભાર્થીઓને એપ્રિલ, મે અને જૂન એમ ત્રણેય મહિનાનું અનાજ એકસાથે આપવામાં આવશે. તમામ પાત્રતા ધરાવતા લાભાર્થીઓ પોતાની નજીકની સરકારી સસ્તા અનાજની દુકાનેથી નિર્ધારિત સમયે આ જથ્થો મેળવી શકશે. જો કે સરકારે આ રીતે એકસાથે અનાજ આપવા પાછળનું કોઈ ચોક્કસ કારણ હજુ જાહેર કર્યું નથી. સરકારે સંસદમાં માહિતી આપી હતી કે વર્ષ ૨૦૨૫ દરમિયાન દેશમાં કુલ ૪૧.૪૧ લાખ અપાત્ર રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા આ અંગે રાજ્ય અનુસાર આંકડાઓ પણ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં હરિયાણા: ૧૩.૪૩ લાખ કાર્ડ રદ, રાજસ્થાન: ૬.૦૫ લાખ કાર્ડ રદ, ઉત્તર પ્રદેશ: ૫.૯૭ લાખ કાર્ડ રદ, પશ્ચિમ બંગાળ: ૩.૭૪ લાખ કાર્ડ રદ, મધ્ય પ્રદેશ: ૨.૬૦ લાખ કાર્ડ રદ કર્યા હોવાની માહિતી આપી હતી. ખાદ્ય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું કે, ટેકનોલોજીના ઉપયોગથી અપાત્ર લોકોને સિસ્ટમમાંથી બહાર કરી ખરા લાભાર્થીઓ સુધી અનાજ પહોંચાડવામાં સફળતા મળી છે.

સાર્વજનિક વિતરણ પ્રણાલી (PDS) માં સુધારા માટે સરકાર પગલાં ભરી રહી છે. દેશની લગભગ તમામ સસ્તા અનાજની દુકાનોમાં હવે ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ (ePOS) મશીનો સ્થાપિત કરી દેવામાં આવ્યા છે. દેશના ૯૯.૨% લાભાર્થીઓને આધાર સાથે જોડી દેવામાં આવ્યા છે. ૯૮.૭૫% અનાજનું વિતરણ હવે આધાર આધારિત બાયોમેટ્રિક અથવા ડિજિટલ પ્રમાણીકરણ દ્વારા જ કરવામાં આવે છે. સરકારના આ પગલાનો મુખ્ય હેતુ અનાજની ચોરી અટકાવવાનો અને સિસ્ટમમાં પારદર્શિતા લાવવાનો છે.

અનામત વર્ગમાથી આવતા

## માજી ધારાસભ્ય અને માજી સાંસદ અમરસિંહ ઝીણાભાઈ ચૌધરીએ આજીવિકા ચલાવવા માટે સરકારશ્રી પાસેથી મેળવેલ ગેસ એજન્સી માટેની જમીન વેચી મારી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દક્ષિણ ગુજરાતના માજી ધારાસભ્ય અને માજી સાંસદ અમરસિંહ ઝીણાભાઈ ચૌધરી રહે.શકિત નગર બોથેલ કોલોની ગણેશજીના મંદિર પાસે વ્યારા જિ. તાપી તેઓ માજી ધારાસભ્ય અને માજી સાંસદ છે. સરકાર ધ્વારા ધારાસભ્ય અને સાંસદો ને તેઓના નિર્વાહ માટે ધંધા રોજગાર કરી શકે તે માટે સરકારી જમીન આપવામાં આવતી. અમરસિંહ ઝીણાભાઈ ચૌધરીને પણ સરકાર ધ્વારા સુરતના પુણા કુંભારિયા રોડ ખાતે જગ્યા ફાળવવામાં આવેલી. આ સમયે સુરત શહેરને ગેસ પુરવઠો પૂરો પાડવા જણાવી ગેસ એજન્સી પણ શરૂ કરેલી. પરંતુ સુરત શહેરનો ઝડપી વિકાસ થતાં અને ટેક્ષટાઈલ ની માર્કેટોના બાંધકામ થતાં જમીનોના ભાવ ઊંચકાયેલા અને રોડ ટચ જમીન હોવાને કારણે જમીન અમરસિંહ ભાઈએ વેચી મારેલી. સાથે સાથે તેઓ ધારાસભ્ય અને સાંસદ સભ્ય હોવાને નાતે તેઓએ તેઓની વગનો દૂરઉપયોગ કરી બીજા લોકોની જગ્યા પણ પચાવી પાડેલી. પોતાની જગ્યા વેચી દઈ તેની રોકડી કરી લઈ બીજા વ્યક્તિની જગ્યા પોતાની જગ્યા છે તેમ જણાવી તે જગ્યાના દસ્તાવેજ કરી આપેલા છે. તેઓની જગ્યાની આજુબાજુ ખાડીની જગ્યા પેટ્રોલપંપ ચલાવવા વેચી મારી અને તેની સાથે આવેલ જગ્યા જે હાલ અંબર હાઉસ તરીકે ઓળખાય છે. તે જગ્યા પોતાની વગ અને સત્તાનો દૂરઉપયોગ કરી પચાવી પાડી વેચી મારેલ છે. આમ બીજી વ્યક્તિની કાયદેસરની જગ્યા અમરસિંહ ઝીણાભાઈ ચૌધરીએ નાણાંની લાલચમાં જગ્યાના માલિકને લાખો રુપિયાનું નુકશાન પહોંચાડેલ છે. સરકાર ધ્વારા જે જગ્યા ધંધા



રોજગાર માટે આપવામાં આવેલ હોય તે જગ્યા કઈ રીતે વેચી શકાય? અને બીજી વ્યક્તિની જગ્યામાં ઘૂસી જઈ પદ અને પ્રતિષ્ઠાનો દૂર ઉપયોગ કરી બીજી વ્યક્તિની પણ જગ્યા વેચી મારવામાં આવે એ ધારાસભ્ય કે સાંસદસભ્યને શોભતું નથી. સામાન્ય કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિની ઘર જમીન પચાવી પાડે તો તેના પર લેન્ડ ગ્રેબીંગનો ગુનો દાખલ કરતાં સરકારી તંત્ર ખચકાતું નથી. સ્થાનિક તંત્રને અમરસિંહભાઈ જીણાભાઈ ચૌધરી એ ગેરકાયદેસર રીતે બીજી વ્યક્તિની જગ્યા પચાવી પાડી છે. અને તે જગ્યા ગેરકાયદેસર રીતે અંબર હાઉસ ને વેચી દેવાની ખબર હોવા છતાં સરકારી તંત્ર એ લેન્ડ ગ્રેબીંગનો ગુનો અમરસિંહ જીણાભાઈ ચૌધરી સામે કરેલ નથી. સામાન્ય રીતે અનામત વર્ગમાંથી આવતા સાંસદ સભ્ય અને ધારાસભ્ય સરકારશ્રી ધ્વારા તેઓના નિર્વાહ માટે રહેમરાહે આપેલ જગ્યા સરકાર હસ્તક લઈ લેવી જોઈએ અને ધારાસભ્ય, સાંસદસભ્ય તરીકે રહેલ વ્યક્તિના સરકારશ્રી તરફથી મળતા પેન્શન ભથ્થા તાત્કાલિક અસરથી બંધ કરી દેવા જોઈએ.

## ભાજપના કોર ગૃપમાં જુના જોગીઓની થઈ એન્ટ્રી: પાટીલ જુથને હાંશિયામાં ધકેલી દેવાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપ દ્વારા સંગઠનમાં વિવિધ નિમણુંકો સતત કરવામાં આવી રહી છે. વિવિધ જિલ્લાઓથી લઈને પ્રદેશ કારોબારીમાં વિવિધ નિમણુંકો કરવામાં આવી રહી છે . તેવામાં ભારતીય જનતા પાર્ટીએ સૌથી મહત્વની પ્રદેશ સંકલન સમિતિ (કોર ગૃપ) ની જાહેરાત કરી દીધી છે. આ કોર ગૃપમાં કુલ ૧૧ નેતાઓને સામેલ કરવામાં આવ્યા છે. જેમાં કેટલાક રીપીટ થયા છે તો કોઈને પડતા મુકવામાં આવ્યા છે. ખાસ કરીને આ કોર ગૃપમાં કોરાણે ધકેલાઈ ગયેલા કેટલાક જુના જોગીઓની એન્ટ્રીએ સૌને ચોંકાવ્યા છે. અને સૌથી આશ્ચર્યની વાત એ છે કે કોર ગૃપમાં થી પાટીલ જુથને કદ પ્રમાણે વેતરી નાખવામાં આવ્યુ છે. જગદીશ વિશ્વકર્મા માટે કહેવાય છે, તેઓ પ્રયોગ માટે જાણીતા છે. સીઆર પાટીલે ૨૦૨૨ માં રચેલી જુની કમિટીમાં પ્રદેશ મહામંત્રીઓને મહત્વ અપાયુ હતું. વિશ્વકર્માએ જુના નેતાઓ પર વધારે ભરોસો મુકયો છે. જેને પગલે જ આઈ કે જાડેજા, ભુપેન્દ્રસિંહ ચુડાસમાથી લઈને ગણપત વસાવાનો સમાવેશ



કરાયો છે. એક સમયે પાટીલના રાજમાં સાઈડ લાઈન થયેલા નેતાઓને હવે પ્રાધાન્ય મળવા લાગ્યુ છે. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ સીઆર પાટીલને પણ કોર કમિટીમાં રાખી એમના સ્વભાવનો નીચોડ લેવાનો પ્રયાસ કર્યો છે અને જગદીશ વિશ્વકર્માએ એક કાંકરે બે પક્ષી પાડયા છે. ભારતીય જનતા પાર્ટી પ્રદેશ દ્વારા કોર ગૃપની જાહેરાત કરવામાં આવી છે. ભાજપમાં પ્રદેશ કક્ષાએ કોર ગૃપ સૌથી શકિતશાળી માનવામાં આવે છે. વિવિધ નિર્ણયોમાં આ કોર ગૃપ ની ભુમિકા મહત્વની હોય છે. જગદીશ વિશ્વકર્માએ પ્રદેશ પ્રમુખનુ પદ સંભાળ્યા બાદ આ કોર ગૃપની જાહેરાત કરવામાં આવી છે. જુની કોર કમિટીમાં પણ સીએમ અને નાયબ સીએમ સહિત પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, ગણપત વસાવા અને જીતુ વાઘાણીનુ નામ હતું. જેઓ રીપીટ થયા છે પણ ભાજપે સંગઠનમાંથી બાકાત થયેલા પ્રદિપસિંહ વાઘેલા, રજની પટેલ, વિનોદ ચાવડા અને ભાર્ગવ ભટ્ટ ને બાકાત રાખ્યા છે. જેઓ એક સમયે પ્રદેશ મહામંત્રીનુ પદ સંભાળતા હતા. શંકરભાઈ ચૌધરી હાલમાં વિધાનસભાના અધ્યક્ષ હોવાથી તેનુ નામ નવી કોર કમિટીમાંથી બાકાત રહ્યુ છે. ભાજપે એક મહિલાનો સમાવેશ કરવા માટે નવી કોર કમિટીમાં રંજનબેન ભટ્ટ ની જગ્યાએ મંત્રી દર્શનાબેન વાઘેલાનો સમાવેશ કર્યો છે. આમ અહીં મહિલા મંત્રી તરીકે દર્શનાબેનને લોટરી લાગી છે. ભારતીય જનતા પાર્ટીએ આ અગાઉ ૨૧ જાન્યુઆરી ૨૦૨૨ માં કોર ગૃપની જાહેરાત કરી હતી. હવે નવા કોર ગૃપમાં કેટલાક નેતાઓને પડતા મુકવામાં આવ્યા છે. જેમાં ભાર્ગવભાઈ ભટ્ટ, રજની પટેલ, પ્રદિપસિંહ વાઘેલા, વિનોદ ચાવડા, રંજનબેન ભટ્ટ ને પણ પડતા મુકવામાં આવ્યા છે. જો કે ૨૦૨૨ ના કોર ગૃપમાં શંકરભાઈ ચૌધરી પણ સામેલ હતા. જેઓ વર્તમાનમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧૬૮૧ અને ચાંદીના વાયદામાં રૂ.૨૦૭૫નો ઉછાળોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૩૬ નરમ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૧૦૮૭.૮૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૪૨૦૩૧.૬૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૦૨૪૭.૭૩ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૧૬૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૮૩૧૧૯.૬૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૧૦૮૭.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૪૨૦૩૧.૬૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૬૧૬૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૬૦૫.૦૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૦૨૪૭.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૮૩૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૮૪૫૭ અને નીચામાં રૂ.૧૪૫૭૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૪૯૫૪ના આગલા બંધ સામે રૂ.૧૬૮૧ વધી રૂ.૧૪૬૬૩૫ થયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૦૬૨ વધી રૂ.૧૧૯૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૩૬ વધી રૂ.૧૪૯૮૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૭૬ વધી રૂ.૧૪૬૫૯૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૭૪૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૯૪૮૬ અને નીચામાં રૂ.૧૪૫૮૪૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪૫૪૫૨ના આગલા બંધ સામે રૂ.૧૩૯૨ વધી રૂ.૧૪૬૮૪૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૩૯૯૪૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૦૦૦૦ અને નીચામાં રૂ.૨૩૦૦૬૦ના મથાળે અથડાઈ, રૂ.૨૩૧૪૬૦ના આગલા બંધ સામે રૂ.૨૦૭૫ વધી રૂ.૨૩૩૫૩૫ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૨૮૦ વધી રૂ.૨૩૮૦૫૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૧૨૧ વધી રૂ.૨૩૮૧૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૫૦૩૪.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૪.૬ વધી રૂ.૧૧૧૬.૫૫ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ વાયદો રૂ.૧.૫ વધી રૂ.૩૦૮.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૪.૧ વધી રૂ.૩૩૪.૫૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો રૂ.૧.૬ વધી રૂ.૧૮૭.૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૮૩૭.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૨૯૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૨૯૮ અને નીચામાં રૂ.૪૨૫૧ના સ્તરને સ્પર્શી, રૂ.૪ ઘટી રૂ.૪૨૯૦ થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૮૮૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૧૦૧ અને નીચામાં રૂ.૮૭૫૨ના સ્તરને સ્પર્શી, રૂ.૮૯૯૮ના આગલા બંધ સામે રૂ.૩૬ ઘટી રૂ.૮૯૬૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૩૭ ઘટી રૂ.૮૯૬૨ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૪ ઘટી રૂ.૨૯૩.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૨.૨ ઘટી રૂ.૨૯૩.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૭૩.૪ના ભાવે ખૂલી, રૂ.૩.૯ ઘટી રૂ.૯૬૯ થયો હતો. કોટન માર્ચ વાયદો રૂ.૨૩૦ વધી રૂ.૨૬૭૫૦ થયો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૪૦૦ના ભાવે ખૂલી, રૂ.૭૯ ઘટી રૂ.૨૩૪૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૦૩૩૬.૪૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૯૧૧.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૯૯૧.૩૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૯૨.૦૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯.૫૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૨૭.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં.


ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૮.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૦૬૫.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭૫૩.૬૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૪.૩૬ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૯૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૦૨૧૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૦૨૮૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૯૬૫૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૧૭૮૦૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૬૮૯૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૨૭૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૦૮૩૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૮૬૭૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૩૮૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૧૩૮૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૮૭૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૩૬૧૬૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૧૬૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૧૬૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૮૨૧ પોઈન્ટ ઘટી ૩૬૧૬૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૮.૪ ઘટી રૂ.૨૨૩.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૯.૪ થયો હતો.

સોનું માર્ચ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૭.૫ વધી રૂ.૧૧૦૩ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૯ વધી રૂ.૪૫૦ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨૬ વધી રૂ.૭.૭૭ થયો હતો. જસત માર્ચ રૂ.૩૬૨.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૫ પૈસા ઘટી રૂ.૦.૦૧ના ભાવે બોલાયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૧.૭૫ ઘટી રૂ.૮૯૭.૭૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા ઘટી રૂ.૯.૬ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ




રૂ.૪૦૭.૫ વધી રૂ.૧૪૭૯ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૯૧.૫ વધી રૂ.૪૪૪૪ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮ વધી રૂ.૧૮૨.૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૦ પૈસા વધી રૂ.૯.૨ના ભાવે બોલાયો હતો. સોનું માર્ચ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૯.૫ ઘટી રૂ.૭૧૭ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૦૨.૫ વધી રૂ.૧૬૫૦.૫ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૪ પૈસા વધી રૂ.૧૫.૦૭ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૫.૫ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૪ વધી રૂ.૯૫૮.૬૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૦ પૈસા વધી રૂ.૯.૩૫ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૪૫.૫ ઘટી રૂ.૨૦૮૦.૫ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૦૬.૫ વધી રૂ.૧૫૨૧ થયો હતો.

## મારા જ કર્મ મને અહીં લાવ્યા છે : યોગગુરૂ : નકલી નોટો પકડવા પીઆઈએ ૨૪ પોલીસકર્મી સાથે સવાર થી વોચ ગોઠવી

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અમરાઈવાડીમાંથી ૨.૧૦ કરોડની નકલી નોટો સાથે યોગ ગુરૂ પ્રદિપ જોટંગીયા સહિત કુલ ૭ આરોપીઓની ધરપકડ કરી છે. આ ઓપરેશન ૧૮ માર્ચ ૨૦૨૬ ના રોજ શરૂ થયુ હતું અને ૧૯ માર્ચ બપોરે ૩ વાગ્યા સુધી ચાલ્યુ હતું.

બાતમીના આધારે પીઆઈ અને તેમની સાથેના ૨૪ પોલીસકર્મી સવાર થી અમરાઈવાડી મેટ્રો સ્ટેશન પાસે ઉભા હતા. રસ્તા પર આવતી જતી તમામ ગાડીઓ પર પીઆઈ સહિતના પોલીસકર્મી ઓ નજર રાખીને બેઠા હતા. બપોરે ૩ વાગે એક ફોર્ચ્યુનર કાર દેખાઈ અને તેને ઉભી રખાવી હતી. આ ફોર્ચ્યુનર કાર માં થી નકલી નોટો ભરેલી બેગ સાથે આવેલા યોગ ગુરૂ પ્રદિપ સહિત ૭ લોકોને ઝડપી પાડયા હતા. પોલીસે પકડયા બાદ યોગ ગુરૂ એ પોલીસને કહ્યું કે મારા જ કર્મ મને અહીં લાવ્યા છે. આ મારી ભુલ છે.




અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એસ જે જાડેજાને ૧૮ માર્ચ ના રોજ એક બાતમી મળી હતી કે સુરત થી એક સફેદ કલરની પરપર નંબરની કાર નકલી ચલણી નોટોના મોટા જથ્થા સાથે અમદાવાદ આવી રહી છે. બાતમી મળતા જ પીઆઈ જાડેજા ૪ પીએસઆઈ અને ૨૦ પોલીસકર્મીઓ સાથે અમરાઈવાડી પહોચી ગયા હતા. પૈસા ભરેલી કાર આવતી હોવાથી અલગ અલગ ટીમ બનાવીને પોલીસકર્મીઓ અલગ અલગ જગ્યાએ ઉભા હતા. પોલીસે આવતી જતી અનેક કાર જોઈ પરંતુ તેમને જીજે ૦૫ અને પરપર નંબર ની સફેદ કારની તલાશ હતી. બપોર સુધી રાહ જોયા બાદ લગભગ ૩ વાગ્યાની આસપાસ એક સફેદ કાર આવી રહી હતી. જે નજીક આવતા તેનો નંબર જોયો અને પોલીસે એક બીજાને ઈશારો કરી તમામ ભેગા થઈ ગયા હતા. પોલીસે કારને મેટ્રો બ્રિજના પીલ્લર નં. ૨૯ અને ૩૦ ની વચ્ચે રોકી લીધી હતી.

પોલીસે કાર રોકી પરંતુ નંબર પ્લેટની ઉપર સરકારી પ્લેટ હોય તેમ શ્રી સત્યમ યોગ ફાઉન્ડેશન રજીસ્ટર્ડ બાય આયુષ મંત્રાલય, ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા લખેલુ હતું. જો કે નંબર પરપર જ હતો, જેથી પોલીસે કાર માં થી તમામ લોકોને નામ પુછીને નીચે ઉતાર્યા હતા. પોલીસે કાર માં તપાસ કરી ત્યારે તેમાંથી કાળા કલરની એક બેગ અને એક બોક્ષ મળ્યુ હતું. જેમાં રૂપીયા ૫૦૦ ના દર ની સેંકડો નોટો મળી આવી હતી. નોટો મળતા જ પોલીસે પુછયું ત્યારે તમામે નકલી નોટો હોવાનુ કબુલ્યુ હતું. યોગ ગુરૂ પ્રદિપને પણ પોલીસે પુછયું ત્યારે તેણે સ્વીકાર્યુ કે આ નકલી નોટો છે. પ્રદિપે પોલીસને એવુ પણ ક્હયુ કે આ બધા મારા કર્મ જ છે, મારા કર્મ જ મને અહીંયા લઈને આવ્યા છે, આ મારી ભુલ છે, પોલીસે તાત્કાલીક તમામ મુદ્દામાલ સાથે એક મહિલા સહિત તમામની અટકાયત કરી અને ક્રાઈમ બ્રાન્ચ લઈ આવ્યા હતા.

૧૮ માર્ચ બપોરે ૩ વાગ્યા થી કેસની શરૂઆત થઈ હતી. જે ૧૯ માર્ચ ના બપોરે ૩ઃ૨૦ વાગ્યા સુધી ચાલ્યો હતો. કાર્યવાહી માટે ગયેલા પીઆઈ અને તેમની ટીમે ૧૮ માર્ચ થી એક જ કપડામાં ક્રાઈમ બ્રાન્ચમાં હાજર હતા. આરોપીને ક્રાઈમ બ્રાન્ચમાં લાવ્યા બાદ પોલીસ દ્વારા પંચનામુ કરવામાં આવ્યુ હતું. જેમાં ૨૪ કલાક જેટલો સમય થયો હતો. નોટની સંખ્યા વધુ હોવાથી ગણતરી કર્યા બાદ તેનો સીરીયલ નંબર લખવામાં પોલીસને લાંબો સમય લાગ્યો હતો. નકલી નોટો બનાવવા માટે પ્રદિપના યોગ આશ્રમમાં પણ પ્રદિપે આરોપીની એક બીજા સાથે મુલાકાત કરાવી હતી. સુરતથી નોટો અમદાવાદ લાવવાની હતી તેમાં પણ પ્રદિપ અને મહિલાની મદદ લેવામાં આવી હતી. કાર માં મહિલા હોય તો તપાસ ન થાય અને પ્રદિપ યોગ ગુરૂ હોવાથી કાર ચેક નહી થાય તેવો આરોપીઓને વિશ્વાસ હતો.

## કંકુ ચૌધરીના માતાની ભાવુક અપીલનો વિડીયો વાયરલઃ કહ્યું બેટા તું કહે છે કે તું તારા બાળકને મુકીને કેવી રીતે આવુ? તો શું તું અમારૂ બાળક ન હતી?

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના વાવ થરાદ પંથકમાં ચાલી રહેલા કંકુ ચૌધરી પ્રકરણમાં હવે એક નવો અને અત્યંત ભાવનાત્મક વળાંક આવ્યો છે. અત્યાર સુધી સમાજ અને પરીવાર દ્વારા ચાલી રહેલા આંદોલન વચ્ચે હવે એક માતાની મમતા અને વ્યથા બહાર આવી છે જેને કારણે સમગ્ર વિસ્તારનુ વાતાવરણ વધુ સંવેદનશીલ બની ગયુ છે.



કંકુ ચૌધરીની માતા જુમાબેન ચૌધરીએ મીડીયા સમક્ષ આવીને પોતાની દિકરીને ઘરે પરત આવવા માટે ભાવુક અપીલ કરી છે. તેમની આ અપીલ સોશીયલ મીડીયામાં ઝડપથી વાયરલ થઈ રહી છે. એક માતાના હૃદયમાંથી નિકળેલા શબ્દોએ માત્ર પરીવારજનો જ નહી પરંતુ સમગ્ર સમાજને પણ સ્પશર્યા છે. જુમાબેને દિકરીને ઉદેશીને કહ્યું, બેટા તું કહે છે કે તું તારા બાળકને મુકીને કેવી રીતે આવું ? તો શું તું અમારૂ બાળક ન હતી ? જો તું તારા બાળકને નથી મુકી શકતી, તો તું અમને કેમ મુકી ગઈ ? આ શબ્દો સાંભળીને ઘણા લોકો ભાવુક બની ગયા છે.


આ ઘટનાએ પરીવાર અને વ્યકિતગત નિર્ણય વચ્ચે ના સંઘર્ષને સ્પષ્ટ રીતે ઉજાગર કર્યા છે. એક તરફ માતા પિતા પોતાની દિકરીને પાછી મેળવવાની આશા રાખે છે. તો બીજી તરફ દિકરીના પોતાના જીવન અને તેના નિર્ણયો છે.

કંકુ ચૌધરીને પરત લાવવા માટે ચૌધરી સમાજ એક જુથ થઈને આંદોલન કરી રહ્યો છે. ગામ અને આજુબાજુના વિસ્તારોમાં આ મુદ્દે ભારે ચર્ચા ચાલી રહી છે. ઘણા લોકો પરીવારના સમર્થનમાં છે. તો કેટલાક લોકો વ્યકિતગત સ્વતંત્રતાને પણ મહત્વ આપવાની વાત કરે છે.

## હવે અશાંત વિસ્તાર નિર્દિષ્ટ વિસ્તારથી ઓળખાશેઃ કાયદામાં થશે કેટલાક ફેરફારો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના અનેક શહેરોના વિસ્તારોમાં લાગુ થતા અશાંતધારા કાયદામાં મોટા ધરખમ ફેરફાર કરવાની તૈયારી કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા આવતા સપ્તાહમાં સુધારા વિધેયક રજુ કરવામાં આવશે , કાયદામાં અશાંત વિસ્તારને બદલે નિર્દ્રિષ્ટ (સ્પેશીફાઈડ ) વિસ્તારનો ઉલ્લેખ હશે. અશાંત વિસ્તાર કાયદા ૧૯૯૧ માં રાજય સરકાર દ્વારા ધરખમ ફેરફાર થશે. સુધારા વિધેયકનો મુસદ્દો તૈયાર કરાયો છે. જે આવતા સપ્તાહમાં વિધાનસભામાં રજુ થશે. પ્રક્રિયામાં ફેરફાર તથા અશાંત વિસ્તારને બદલે નિર્દ્રિષ્ટ વિસ્તાર જેવા મહત્વના બદલાવ થશે. સુચિત સુધારા વિધેયકમાં એવો બદલાવ છે કે કલમ -૧૭ સિવાય મુખ્ય કાયદામાં અશાંત વિસ્તારનો ઉલ્લેખ છે. જયાં જયાં આ શબ્દો હોય તેના સ્થાને નિર્દ્રિષ્ટ (સ્પેશીફાઈડ) વિસ્તાર રહેશે. કલમ ૯ હેઠળનો આ સુધારો મિલ્કત ગીરવે રાખીને લોન / ધિરાણ મેળવવા માંગતા પ્રોપર્ટી ધારકોને હેરાનગતિમાંથી બચાવવાનો છે. આ નવા સુધારા વિધેયક મારફત કાયદામાં મહત્વના બદલાવ થશે અને જિલ્લા કલેક્ટર સહિતની લોકલ કમિટીઓને ખાસ સત્તા મળશે. તંગદીલી ધરાવતા અથવા અશાંત વિસ્તારોમાં બળજબરીપૂર્વક મિલ્કત વેચાણ કે રોકવાનો ઉદેશ છે.



રાજયના મહેસુલ મંત્રી સંજયસિંહ મહિડા આવતા અઠવાડીયામાં આ સુધારા વિધેયક ગૃહમાં રજુ કરશે. તેમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે કાયદાકીય જોગવાઈઓથી વિરૂધ્ધ પ્રોપર્ટી ટ્રાન્સફર થતા હોવાના અને વ્યકિત ગેરકાયદે કબ્જો જમાવતા હોવાના કિસ્સા બહાર આવ્યા છે. સ્થાવર મિલ્કતોની આ પ્રકારે ગેરકાયદે તબદીલી રોકવા તથા કાનુની માલીકોના હિતોનુ રક્ષણ કરવા માટે કાયદામાં જરૂરી સુધારા અનિવાર્ય છે.

સુધારા કાયદામાં વ્યાખ્યા પણ બદલવામાં આવશે. પ્રોપર્ટી ખરીદનાર અને વેચનાર ઉપરાંત નિદ્રિષ્ટ વિસ્તારમાં વસવાટ કરતી થર્ડ પાર્ટીની પણ ભુમિકા રહેશે. કાયદા સુધારા વિધેયકમાં મોનીટરીંગ અને એડવાઈઝરી (સલાહકાર) સમિતિની પણ દરખાસ્ત કરવામાં આવી છે. જેને ચોકકસ વિસ્તારોનો અભ્યાસ કરવાની જવાબદારી રહેશે. લાંબા ગાળા સુધી વિસ્તાર તંગ રહેવાના જોખમ કે સંભવિત જોખમી વિસ્તારો વિશે સરકારને ભલામણ કરવાની રહેશે. આ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ સરકારને સહાય કરશે. સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ પ્રોપર્ટી વેચાણની મંજુરી આપવામાં જિલ્લા કલેક્ટરને પણ મદદ કરશે, અશાંત વિસ્તારમાં પ્રોપર્ટી તબદીલી માં કાયદાનો ભંગ થયાનુ માલુમ પડવાના સંજોગોમાં તેનો કામ ચલાઉ ધોરણે કબ્જો લઈ લેવાના પણ જિલ્લા કલેક્ટરને અધિકાર આપતી જોગવાઈ કરવામાં આવી છે. અસરગ્રસ્ત વ્યકિત અથવા કલેક્ટર પોતે ખુદ સંજ્ઞાન લઈને આ કાર્યવાહી કરી શકશે.

## સુરત RTOના દાદાગીરી અને મનમાનીવાળા નિર્ણયના કારણે ટુવ્હીલર વાહનોના શો રૂમોવાળાઓને થઈ રહેલું લાખોનું નુકશાન

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

હાલમાં ચૈત્ર પવિત્ર માસમાં નવી ગાડીઓની કરાતી ખરીદી જેમાં મોટાભાગે ટુવ્હીલર જેવા વાહનોની મધ્યમ વર્ગ ધ્વારા ખરીદી કરાતી હોય છે. ત્યારે સુરત RTO ધ્વારા મલ્ટીપર્પઝ (દરેક કંપનીના ટુવ્હીલરો) વાહનોને શો રૂમોમાં નહીં રાખવા અંગેના દાદાગીરી અને મનમાનીવાળા નિર્ણયથી શહેર અને જિલ્લાના સબ ડીલરોમાં ફેલાયેલા આક્રોશ અને અસંતોષની લાગણી પરવર્તી રહી છે. કારણકે ચૈત્ર માસ જેવા પવિત્ર નવરાત્રીમાં જ્યારે ગ્રાહકોની ડિમાન્ડ નીકળી છે અને ફોર વ્હીલરો સાથે ટુ વ્હીલરોની પણ ખરીદી શરૂ થઈ છે ત્યારે RTO ના દાદાગીરી અને મનમાનીવાળા નિર્ણયના કારણે ગ્રાહકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.કારણકે શો રૂમોમા રાખવામા આવતા વાહનો ખરેખર તો ગ્રાહકોની પસંદગીના કલર, પસંદગીના મોડેલ અને પસંદગી કંપનીના વાહનો પસંદ કરવા માટે રાખવામા આવતા હોય છે. હવે જ્યારે ગ્રાહકોની પસંદગી માટે જ શો રૂમોમા જો ટુવ્હીલર હાજર નહીં હોય તો ગ્રાહકો પોતાની પસંદગીનું વાહન કેવી રીતે ખરીદી શકે ?ત્યારે અહી સવાલ એ છે કે જ્યારે અન્ય ચીજ વસ્તુઓ ગ્રાહકોની પસંદગી માટે ડિસ્પ્લેમા મૂકવામાં આવે છે અને મલ્ટીપર્પઝ વાહનો પણ શો રૂમોમા ડીલરો કે સબડીલરો ધ્વારા મૂકવામાં આવે છે જેને જોઈ ગ્રાહકો પસંદગી કરી ખરીદી શકે અને એમાં કોઈ કાયદાનો ભંગ થતો નથી કે RTO ના નિયમોનું ઉલ્લંઘન પણ થતું નથી. અર્થાત શો રૂમ સંચાલકો કોઈ ખોટું કાર્ય કરી સરકારને ગેરમાર્ગે દોરવાનું કાર્ય કરતાં નથી કે સરકારી તિજોરીને કોઈ આર્થિક નુકશાન પહોંચાડતા નથી. આવી સામાન્ય અને કોઈપણ જાતના કાયદાની ઉલ્લંઘન નહીં કરતી સામાન્ય બાબત સુરત RTO અધિકારીઓ જાણતા હોવા છતાં પોતાની મનમાની અને મનઘડત ખિસ્સાનો કાયદો કાઢી મલ્ટીપર્પઝ વાહનોના ડીલરો/ સબડીલરોને શો રૂમોમા ગાડીઓનો સ્ટોક નહીં રાખવાનો પરંતુ માત્ર વિવિધ ગાડીઓના ફોટાઓનું આલ્બમ રાખી ને જ ધંધો કરવાનું જણાવી શહેર અને જિલ્લાના ૨૫૦ થી ૩૦૦ જેટલા સબડીલરોને છેલ્લા આઠ માસ ઉપરાંતથી હેરાન પરેશાન કરવા સાથે આર્થિક અને માનસિક નુકશાન પહોંચાડી લોકશાહી દેશમા સરમુખત્યારશાહી જેવુ શાસન ચલાવી RTO અધિકારીઓ શું સિધ્ધ કરવા માંગે છે? અત્રે ઉલ્લેખનિય છે કે આટલી બેરોજગારી, મોંઘવારી અને બેકારીનો કપરો સમય ચાલતો હોય અને માનવીને સાંજે બે છેડા ભેગા કરવા માટે તનતોડ મહેનત કરવા છતાં પણ આર્થિક પરિસ્થિતીમા પૂરું કરવા માટે અન્ય ધંધો કરવો પડતો હોય એ સમયે મલ્ટીપર્પઝ વાહનોના શો રૂમોવાળા જ્યારે લાખો રૂપિયાનું રોકાણ કરી ધંધો કરતાં હોય એ સમયે સુરત RTO ના આવા દાદાગીરી અને મનમાનીવાળા નિર્ણય કેટલા અંશે યોગ્ય છે? એટલું જ નહીં પરંતુ શહેરના અમુક વિસ્તારોમા તો ૧૦x૧૦ ની નાનકડી દુકાનોઓમા હાટડીઓની જેમ ટુવ્હીલરો ખુલ્લેઆમ વેચાઈ રહ્યા હોવા છતાં RTO અધિકારીઓ ચોક્કસ વિસ્તારો માટે જ શું કોઈના ગર્ભિત આદેશનો અમલ કરીને ટુવ્હીલરોના શો રૂમોવાળાઓને હેરાનગતિ તો નથી કરી રહયા ને? વિચારવા જેવો સવાલ છે ત્યારે એનો જવાબ તો RTO જ આપી શકે. આ બાબતે લેખિત રજૂઆતો સેક્રેટરી રોડ એન્ડ ટ્રાન્સપોર્ટ ગાંધીનગર, કમિશ્નર રોડ એન્ડ ટ્રાન્સપોર્ટ ગાંધીનગર તથા સુરત RTO ને કર્યા બાદ RTO સુરત ધ્વારા તા.૧૮/૧૨/૨૦૨૫ ના પત્રથી જણાવ્યા મુજબ મોટર વ્હીકલ એકટ ૩૩ થી ૪૩ નો ભંગ થાય છે એ હકીકત સાચી નથી. ખરેખર તો RTO ધ્વારા આર્ટીકલ ૧૪,૧૯,૨૧ નો ભંગ કરી મનઘડત કાયદા બતાવી શોરૂમો વાળા ને હેરાન કરવા સિવાય અન્ય કશું જ નથી.

## રબારી-ચૌધરી બાદ પ્રજાપતિ સમાજની દિકરી પરત લાવવા માટે પિતાની માંગઃ મારી દિકરી પણ પરત લાવોઃ ચૌધરી સમાજ બાદ પ્રજાપતિ સમાજના પિતાની દિકરી માટે માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં જાણે પ્રેમલગ્ન કરીને ગયેલી દિકરીઓને પરત લાવવા અભિયાન શરૂ કરાયુ હોય તેમ રબારી સમાજ, ચૌધરી સમાજ બાદ વધુ એક પિતાએ પોતાની દિકરીને પરત લાવવા વિનંતી કરી છે. વાવ-થરાદ જિલ્લામાંથી એક પિતાનો નવો વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થયો છે. જેમાં પોતાની દિકરી કમળા ને પરત આપવા પિતાએ ગામના આગેવાનોને વિનંતી કરી છે. ગુજરાતના અનેક સમાજોને દિકરીઓના પ્રેમલગ્ન પર વાંધો આવી રહ્યો છે. થરાદ પંથકમાં ફરી એક વિડીયો વાયરલ થયો છે. રબારી સમાજ અને ચૌધરી સમાજના બે કેસ બાદ હવે પ્રજાપતિ સમાજની દિકરીના પ્રેમલગ્નનો વિવાદ વકરે તો નવાઈ નહી, થરાદ ના ચોગડા ગામના ગોવિંદ પ્રજાપતિનો ભાવુક વિડીયો વાયરલ થયો છે. જેમાં તેઓએ પોતાની દિકરી કમળાને પરત આપવા ગામના આગેવાનોને વિનંતી કરી છે. ગામનો જ એક યુવાન દિકરીને લઈ ગયો હોવાનો વિડીયોમાં ઉલ્લેખ કર્યો છે. દિકરી પરત માંગવા જતા ધમકીઓ મળતી હોવાનો પણ આક્ષેપ એક પિતાએ કર્યો છે.



વગ્દાજી વાઘાજી બોકા મારી દિકરીને ભગાડી ગયો છે. મારી દિકરી અમદાવાદ ગઈ હતી, તેને અમદાવાદ થી લઈને ભાગી ગયો, મને કોઈ ખબર ન હતી, મે ચાર વખત ગામ ભેગુ કર્યુ, અને કહ્યુ કે મારી દિકરી પાછી આપશે, પરંતુ દિકરીને પરત આપતા નથી, મને કોઈ નિર્ણય કર્યો નથી, પટેલ સમાજને બે હાથ જોડી વિનંતી કરૂ છું કે મારી દિકરી મને પરત અપાવો, મારે સમાજ ભેગો કરવાનો હતો, તો પણ મને ન કરવા દીધો, તેઓએ મને કહ્યુ કે અમે તમારી દિકરી પાછી આપી દઈશુ, અમારે નથી જોઈતી, પરંતુ એમ કહેતા કહેતા ૮-૯ મહિના થઈ ગયા છે. હવે મારવાની ધમકી આપે છે, હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. મારી દિકરી મને પરત અપાવો. ગામને કહેવુ છે , કે આ ગામની દિકરી છે, તમારા સમાજની દિકરી છે, મારી સામે ફરીયાદ પણ કરાવી છે, એક વરસથી આજ લાવી આપીએ, કાલે આપી દઈએ એવી વાતો થઈ છતાં આજસુધી દિકરી પરત નથી મળી, તમે શું કરી લેશો તેવી ધમકી આપે છે, અમે ગરીબ માણસ છીએ, મારી દિકરી મને પરત અપાવો તેવી વિનંતી છે.

### દહેગામના પશુપાલકોના હિતમાં AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા મેદાને

# દહેગામના પશુપાલકોને અમદાવાદ સંઘમાં દૂધ ભરવા મજબૂર કરાતા ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાનો મંત્રીને પત્ર

અમદાવાદ/ગાંધીનગર/ગુજરાત

આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા દ્વારા ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પશુપાલકોના હિતમાં રાજ્યના સહકાર મંત્રી જીતુ વાઘાણીને એક મહત્વનો પત્ર લખી રજૂઆત કરવામાં આવી હતી. પત્રમાં ભાર મૂકીને માંગ કરવામાં આવી છે કે દહેગામ તાલુકાના પશુપાલકોને અમદાવાદ દૂધ ઉત્પાદક સંઘ સાથે જોડવાને બદલે તેમના પોતાના જિલ્લાના ગાંધીનગર દૂધ ઉત્પાદક સંઘ (મધુર ડેરી) સાથે જોડવામાં આવે. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, દહેગામ તાલુકામાં અંદાજિત ૧૫૦૦૦ કરતાં વધારે પશુપાલકો પશુપાલનનો વ્યવસાય કરે છે અને રોજનું ૬૦૦૦૦ લિટર કરતા વધુ દૂધનું ઉત્પાદન કરીને પોતાનું ગુજરાન ચલાવે છે.

દહેગામ તાલુકો સરકારી ચોપડે ગાંધીનગરમાં સમાવિષ્ટ હોવા છતાં પણ દહેગામના પશુપાલકોને ફરજિયાતપણે અમદાવાદ દૂધ ઉત્પાદક સંઘમાં જ દૂધ ભરવાના નિયમથી ફરજ પાડવામાં આવે છે અને આ બાબતોનો પશુપાલકો સખત વિરોધ કરી રહ્યા છે.

ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વધુમાં પત્રમાં જણાવ્યું હતું કે, પશુપાલકોના જણાવ્યા પ્રમાણે ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘમાં કિલોગ્રામ ફેટનો ભાવ રૂા.૧૦૦થી વધારે ચૂકવવામાં આવે છે, જે અમુલની હરોળનો છે. પરંતુ અમદાવાદમાં રૂા.૧૦૦થી ઓછું ચૂકવવામાં આવે છે જે સૌથી ઓછો છે. ગાંધીનગર સંઘમાં દૂધના બિલમાં કોઈ કપાત નથી જ્યારે અમદાવાદ સંઘમાં નાની બચતના નામે એક ટકા કપાત કરે છે.

ગાંધીનગર સંઘમાં પશુપાલક સભાસદને પશુ વીમાની જોગવાઈ છે, જ્યારે અમદાવાદ સંઘમાં પશુ વીમાની કોઈ જોગવાઈ નથી. ગાંધીનગર સંઘમાં વર્ષના અંતે ૧૫ ટકાથી વધુનો ભાવ ફેર (બોનસ) ચૂકવવામાં આવે છે, જ્યારે અમદાવાદ સંઘમાં સંઘની નાણાકીય પરિસ્થિતિ અનુસાર ઉચ્ચક સહાય આપવામાં આવે છે.

ગાંધીનગર સંઘમાં કુપોષણ કપાત નથી, જ્યારે અમદાવાદ સંઘમાં ગ્રાહક દીઠ મહિને દસ રૂપિયા કાપે છે. ગાંધીનગર સંઘમાં દૂધના પૈસા જમા રાખવામાં આવતા નથી જ્યારે અમદાવાદ સંઘમાં મંડળીઓના લાખો રૂપિયા જમા રાખવામાં આવે છે.

ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પત્રમાં વધુમાં જણાવ્યું હતું કે, આમ ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે દહેગામ તાલુકાને જો ગાંધીનગર દૂધ ઉત્પાદક સંઘ સાથે મિલ્ક હેડ એરિયામાં જોડાણ કરવામાં આવે તો પશુપાલકોને ખૂબ જ મોટો આર્થિક ફાયદો થાય તેમ છે. સહકારી કાયદાઓની વિવિધ જોગવાઈઓની આડ લઈને અને કાયદાની જોગવાઈઓનો દુરુપયોગ કરીને પશુપાલકોને નુકસાન જાય તેવા નિર્ણયો કરવાને બદલે પશુપાલકોને ફાયદો થાય તે નિર્ણય કરવા જોઈએ.

કોઈપણ કાયદો કે નિયમનો અંતિમ ઉદ્દેશ માણસને તેના હક આપવા માટેનો જ હોવો જોઈએ. નિયમોની આડ લઈને પશુપાલકોને આર્થિક નુકસાનમાં નાખી શકાય નહીં. આમ દહેગામ તાલુકાને ગાંધીનગર મિલ્ક હેડ એરિયામાં સામેલ કરી ગાંધીનગર જીલ્લા દૂધ ઉત્પાદક સંઘ (મધુર ડેરી) સાથે જોડવા માટે તાત્કાલિક નિર્ણય કરવા મારી વિનંતી છે.

# રમઝાનના પવિત્ર માસના અંતે ઉજવાતો તહેવાર ઈદ-ઉલ-ફિત્ર-૨૦૨૬ તેને "મીઠી ઈદ" કેમ કહેવાય છે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

રમઝાન માસ રોઝાનો પવિત્ર મહિનો છે. આ તહેવાર એટલે કે ઈદના દિવસે, વિશ્વભરના મુસ્લિમો પ્રાર્થના કરવા ભોજન વહેંચવા અને આનંદ અને સદભાવના માટે ભેગા થાય છે. પરંતુ શું તમને ખબર છે કે ઈદ-ઉલ-ફિત્ર ને મીઠી ઈદ પણ કહેવામાં આવે છે. ઈદ ઉજવણી અને એનું મહત્વ શું છે? ‘‘મીઠી ઈદ’’ કેમ કહેવામાં આવે છે?

ઈદ-ઉલ- ફિત્ર ને ઘણીવાર ‘‘મિઠી ઈદ’’ કહેવામાં આવે છે. આ નામ એક મહિનાના રોઝાના સમાપનની ઉજવણી માટે મીઠી વાનગીઓ તૈયાર કરવાની અને તેનો આનંદ માણવાની પરંપરા પરથી આવ્યું છે. રમઝાન માસ દરમ્યાન સવારથી સૂર્યાસ્ત સુધી રોઝા રાખ્યા પછી પરિવારો સેવૈયા (સેવૈયા ખીર) ખીર,શીર ખુર્મા અને વિવિધ મીઠાઈઓ જેવી મીઠાઈઓનો આનંદ માણે છે. તે ખુશી, કૃતજ્ઞતા અને સ્વશિસ્ત પછી જીવનની મીઠાશનું પ્રતીક છે. સંબંધીઓ, મિત્રો,પાડોશીઓ અને સામાજિક સંબંધોને મીઠા અને મજબૂત બનાવે છે. આ ઈદના પવિત્ર પ્રસંગે વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્રના દક્ષિણ ગુજરાતના પ્રમુખ છગનલાલ મેવાડા સમગ્ર મુસ્લિમ સમાજને ઈદની મુબારક બાદી પાઠવતા અલ્લાહ-તાલા ને એજ પ્રાર્થના કે સૌને સુખ શાંતિ અને સ્મૃધ્ધિ અર્પે.

## બનાસકાંઠા જિલ્લાના ૭૦૦થી વધુ ખેડુતો ૬ મહિને પણ કૃષિ સહાયથી વંચિતઃ સહાય ચુકવવામાં સરકારના ગલ્લાં તલ્લાં

પ્રતિનિધિ,ગાંધીનગર

ચોમાસામાં ભારે વરસાદને કારણે બનાસકાંઠા સહિત અન્ય જિલ્લામાં ખેતીને મોટાપાયે નુકશાન પહોચ્યુ હતું.

પરીણામે દિવાળીની મોડી સાંજે રાજય કૃષિ વિભાગે ૧૧૩૮ કરોડ રૂપીયાનુ કૃષિ રાહત સહાય પેકેજની જાહેરાત કરી હતી. આ વાતને ૬ મહિના વિત્યા છે. ત્યારે હજુ પણ ૭૦૦ થી વધુ ખેડુતોને હજુ સહાય મળી શકી નથી તેવુ ખુદ કૃષિ વિભાગે વિધાનસભામાં કબુલ્યુ છે.



એકબાજુ ખાતર, બિયારણ થી માંડીને ખેતમજુરી મોંઘી થઈ છે. સિંચાઈના પાણી/ વિજળીની સમસ્યાથી ખેડુતો પીડીત છે. અથાગ મહેનતના અંતે પણ પાક ના પોષણક્ષમ ભાવ મળતા નથી. હવે કુદરત પણ રૂઠી છે. અતિવૃષ્ટિને પગલે બનાસકાંઠા સહિત કુલ ૬ જિલ્લાના ખેડુતોને સહાય માટે રાજયના કૃષિ વિભાગે હજુ ૭૦૦ થી વધુ ખેડુતોને સહાય ચુકવી નથી. ખુદ કૃષિ વિભાગે વિધાનસભામાં આ વાતની કબુલાત કરી છે. આ ઉપરાંત કૃષિ વિભાગે વધુ એક ૧૦ હજાર કરોડ રૂપીયાનુ પણ કૃષિ સહાય પેકેજ જાહેર કર્યુ હતું. તેમાં પણ ઘણા ખેડુતો સહાયથી વંચિત રહ્યા છે.

ખેડુત આગેવાનોનુ કહેવુ છે કે ટેકાના ભાવે મગફળીની ખરીદી કર્યા પછીય ખેડુતોને પૈસા ચુકવાયા નથી. માત્ર દ્વારકા જિલ્લામાં જ ૯૭૧ ખેડુતો પાસેથી મગફળી ખરીદાઈ છે. પરંતુ પૈસા ચુકવવામાં કૃષિ વિભાગ ગલ્લાં તલ્લાં કરી રહ્યુ છે.

# ગાંધીનગરમાં પાલતુ શ્વાન માટે હવે ૧૫મી એપ્રિલ સુધી રજીસ્ટ્રેશન કરાવી શકાશે

પ્રતિનિધિ,ગાંધીનગર



ગાંધીનગર શહેરમાં મ્યુનિસીપલ કોર્પોરેશને પેટડોગ માટે રજીસ્ટ્રેશનનો ફરજીયાત નિયમ બનાવ્યો છે. પણ પેટડોગ ના માલીકો દ્વારા રજીસ્ટ્રેશન માટે હજુ યોગ્ય પ્રતિસાદ મળ્યો નથી. ત્યારે કોર્પોરેશન દ્વારા પેટડોગ રજીસ્ટ્રેશન પ્રક્રિયાની સમય મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. હવે શહેરના નાગરીકો આગામી ૧૫ એપ્રિલ ૨૦૨૬ સુધી પોતાના પાલતુ શ્વાનનુ સત્તાવાર રજીસ્ટ્રેશન કરાવી શકશે. ગાંધીનગર મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં પાલતુ શ્વાન (પેટડોગ) ના રજીસ્ટ્રેશનની મુદત ૧૫ એપ્રિલ સુધી લંબાવવામાં આવી છે. અગાઉ કોર્પોરેશન દ્વારા આ પ્રક્રિયા માટે ૯૦ દિવસની મુદત નકકી કરવામાં આવી હતી. આ અગાઉનો નિર્ધારીત સમયગાળો ૧૫ ડીસેમ્બર ૨૦૨૫ થી શરૂ થઈને ૧૬ માર્ચ ૨૦૨૬ સુધીનો હતો. જો કે હજુ પણ અનેક માલીકો રજીસ્ટ્રેશનથી વંચિત હોવાનુ જણાતા અને લોકોની સુવિધાને ધ્યાનમાં રાખીને મ્યુનિસીપલ કોર્પોરેશનના તંત્રએ પેટડોગ રજીસ્ટ્રેશનની મુદત લંબાવવાનો નિર્ણય લીધો છે. અત્યાર સુધીના આંકડાઓ મુજબ ૫૨૭ થી વધુ લોકોએ પોતાના પાલતુ શ્વાનનુ સફળતાપૂર્વક રજીસ્ટ્રેશન કરાવી લીધુ છે. ગાંધીનગર કોર્પોરેશનના સુત્રોએ જણાવ્યુ હતુ કે પેટડોગ રજીસ્ટ્રેશન માટે અરજદારો ઓનલાઈન માધ્યમથી ફોર્મ ડાઉનલોડ કરી શકશે. જેનાથી પ્રક્રિયામાં સરળતા રહેશે. જો કે ફોર્મ ભર્યા બાદ અરજદારે પોતે રૂબરૂ કોર્પોરેશનની કચેરી ખાતે જઈને જરૂરી દસ્તાવેજો સાથે રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. આ પ્રક્રિયા માટે કેટલાક મહત્વના પુરાવાઓ ફરજીયાત કરવામાં આવ્યા છે. જે અન્વયે અરજદારનુ લેટેસ્ટ ટેક્ષબીલ, કોઈપણ એક સરકારી ઓળખપત્ર , લાઈટ બીલ અથવા ગેસ બીલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શ્વાનની સુરક્ષા અને જાહેર આરોગ્યને ધ્યાનમાં રાખીને માન્ય વેટેનરી ડોકટર દ્વારા આપવામાં આવેલુ એન્ટીરેબીઝ વેકિસનનુ સર્ટીફીકેટ રજુ કરવુ અનિવાર્ય છે. ડોકયુમેન્ટમાં પાલતુ શ્વાનનો ફોટો, માલીકનો ફોટો તેમજ શ્વાનને રાખવાની જગ્યાનો ફોટો પણ સાથે રાખવો પડશે. કોર્પોરેશને તમામ શ્વાન માલીકોને અપીલ કરી છે કે આ વધારાની મુદતનો લાભ લઈ વહેલી તકે રજીસ્ટ્રેશન કરાવી લેવુ, જેથી ભવિષ્યમાં કોઈ કાયદાકીય મુશ્કેલી ન સર્જાય.

# આણંદ જિલ્લાના બોરસદ તાલુકાની મંડળીમાં ભાજપ નેતા સહિત ૧૦ ડીરેકટરોને નોટીસ ફટકારી છતાં કોર્ટમાં ગેરહાજર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના અલારસા ગામની દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં આશરે રૂપીયા ૨૦ લાખના કૌભાંડમાં નવો વળાંક આવ્યો છે. આ કેસમાં ભાજપના નેતા અને હાલના એપીએમસી ચેરમેન અશોક મહિડા સહિત ૧૦ ડીરેકટર વિરૂધ્ધ બોર્ડ ઓફ નોમીનીઝ માં ફરીયાદ નોંધાતા કોર્ટ દ્વારા કારણદર્શક નોટીસ ફટકારવામાં આવી હતી. તેમ છતાં બુધવારે નકકી થયેલી તારીખે આરોપીઓ કોર્ટમાં હાજર ન રહેતા કેસને આગામી ૮ એપ્રિલ સુધી મુલત્વી રાખવામાં આવ્યો છે. અલારસા દુધ ઉત્પાદક સહકારી મંડળીના તત્કાલીન ચેરમેન અશોક મહિડા અને અન્ય ડીરેકટરો પર આક્ષેપ છે કે તેમણે ખોટા ઠરાવો પસાર કરીને મંડળીના નવા મકાનના નિર્માણ માટે કામ શરૂ કર્યા વિના જ કોન્ટ્રાકટરને ૨૦ લાખ રૂપીયાની ચુકવણી કરી દીધી હતી. આ રીતે મંડળીના નાણાંનો દુરુપયોગ કરીને કૌભાંડ આચરવામાં આવ્યુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલો બહાર આવતા મંડળીના ઈન્ટરનલ ઓડીટર બાબુભાઈ ચૌહાણ અને પ્રવિણસિંહ મહિડાએ મંડળીમાં હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ કોન્ટ્રાકટર પાસેથી ૮ લાખ રૂપીયાની વસુલાત કરવામાં આવી હતી. પરંતુ હજુ પણ ૧૨ લાખ રૂપીયાની વસુલાત બાકી હોવાનુ જણાવાયુ છે. આ બાકી રકમની વસુલાત તથા જવાબદારી નિર્ધારીત કરવા માટે બોર્ડ ઓફ નોમીનીઝમાં સત્તાવાર ફરીયાદ નોંધાવવામાં આવી હતી. આ ફરીયાદના આધારે સંયુકત રજીસ્ટ્રાર અને બોર્ડ નોમીનીઝ ની કોર્ટ દ્વારા અશોક મહિડા સહિત તમામ ૧૦ ડીરેકટરોને કારણદર્શક નોટીસ ફટકારી ૧૮ માર્ચ ના રોજ કોર્ટ માં હાજર રહેવા આદેશ આપ્યો હતો. જો કે નિર્ધારીત દિવસે કોઈપણ આરોપી હાજર ન રહેતા કોર્ટે આ મામલે આગામી સુનાવણી માટે ૮ એપ્રિલની તારીખ નકકી કરી છે. આ કેસને લઈને સ્થાનિક સ્તરે ભારે ચર્ચા જાગી છે અને સહકારી ક્ષેત્રમાં પારદર્શકતા અને જવાબદારી અંગે સવાલો ઉભા થયા છે. હવે આગામી સુનાવણીમાં આરોપીઓ હાજર રહી પોતાના તરફથી સ્પષ્ટતા કરે છે કે નહી તે જોવાનુ રહેશે.

## વડનગરના સુલતાનપુરાની સીમમાંથી શેરબજારના નામે ઠગાઈ કરતા ૩ પકડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

વડનગર તાલુકાના સુલતાનપુરા ગામની સીમમાંથી લોકોને ફોન કરીને શેરબજારમાં રોકાણના બહાને ઓનલાઈન પૈસા ભરાવી છેતરપિંડી કરતા ત્રણ જણાને મહેસાણા એલસીબીએ ઝડપી લીધા હતા. સુલતાનપુરા ગામની સીમમાં જોગણીયાપરૂ વિસ્તારમાં કેનાલ નજીક ખેતરમાંથી કેટલાક શખ્સો લોકોને ફોન કરી શેરબજારના બહાને છેતરપિંડી કરતા હોવાની બાતમી પેટ્રોલિંગ કરી રહેલી મહેસાણા એલસીબીના પીએસઆઈ એ.ડી. કાકરેચાની ટીમના પો.કો. મૌલિકકુમારને મળી હતી. જેથી એલસીબી પીઆઈ એસ.આર.ચૌધરીની સૂચનાથી ટીમે ત્યાં રેડ કરતાં કેનાલવાળા રસ્તા નજીક એક ખેતરમાં કેટલાક શખ્સો થોડા થોડા અંતરે બેસીને હાથમાં મોબાઈલથી કોલીંગ કરતા જણાયા હતા. પોલીસ ત્યાં પહોંચતાં તેઓ ભાગ્યા હતા, જે પૈકી ત્રણને પોલીસે ઝડપી લીધા હતા. ઝડપાયેલા ઠાકોર વિક્રમજી ભરતજી (રહે.સુલતાનપુરા, વિરસંગપુરા વિસ્તાર), ઠાકોર અર્જુનજી બાબુજી (રહે.સુલતાનપુરા, હરસિદ્ધપરા) અને ઠાકોર ચેહાજી પથુજી (રહે.સુલતાનપુરા, નવાપરા ખેતરમાં) પાસેથી પોલીસે પાંચ મોબાઈલ તથા મોબાઈલ નંબરની યાદીવાળા કાગળો જપ્ત કર્યા હતા.